અપીલ અરજી નં.૩૩૨ તા.૭–૧–૦૯/૧૦

અરજદાર:– શ્રી મંજુલાબેન નવીનચંદ્ર રાઠોડ
સામાવાળા:– ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

**ફરીયાદની હકીકત:–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મંજુલાબેન તે લલ્લુભાઈની છોકરી અને નવીનચંદ્ર સી. રાઠોડની પત્નીની તા.૨૦–૧૧–૦૯ નીઅરજીથી વોર્ડ નં. મોજે ટુંકી,સીંગણપોર, ટીપી સ્કીમ નં.૨૬ (સીંગણપોર) નોંધ નં. રે.સ. નં.૪ ફા.પ્લોટ નં.૫ માં થયેલી કાર્યવાહીની તમામ દસ્તાવેજોની નકલ, નં.ડીપી/૧૦/૧૯૯૭–૯૮ તા.૧૬–૯–૯૮ ના રોજ જે નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ તેની નકલ અને તા.૩–૪–૦૮નારોજ મુબંઈ એકટ –૧૯૪૯કલમ–૨૬૦(૧)(અ) મુજબ નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ તેની નકલ. તથા સુધાબેન એસ. સુરતીને ૧ થી ૭ નકલો આપેલ તે નકલોની સહી સિકકાવાળી નકલ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૭–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૩૨/૨૦૦૯–૧૦

શ્રી મંજુલાબેન તે લલ્લુભાઈની છોકરી અને નવીનચંદ્ર સી.રાઠોડની પત્નીની તા.૨૦–૧૧–૦૯ નીઅરજીથી વોર્ડ નં. મોજે ટુંકી,સીંગણપોર, ટીપી સ્કીમ નં.૨૬ (સીંગણપોર) નોંધ નં. રે.સ. નં.૪ ફા.પ્લોટ નં.૫ માં થયેલી કાર્યવાહીની તમામ દસ્તાવેજોની નકલ, નં.ડીપી/૧૦/૧૯૯૭–૯૮ તા.૧૬–૯–૯૮ ના રોજ જે નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ તેની નકલ અનેતા.૩–૪–૦૮નારોજ મુબંઈએકટ –૧૯ ૪૯ કલમ–૨૬૦ (૧) (અ) મુજબની નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ તેની નકલ તથા સુધાબેન એસ. સુરતીને ૧ થી ૭ નકલો આપેલ તે નકલોની સહી સિકકાવાળી નકલ માહિતી આપવા બાબતે ફકત ૩ નકલની માહિતી પૂરી પાડી અને ૪ નકલની માહિતી નહીં પૂરી પાડી અધૂરી માહિતી પૂરી પાડેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૬૦ તા.૧૩–૧–૧૦ થી ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.નોર્થઝોન/આ.નં.૭૫૫૦ તા.૨–૨–૧૦ ના રોજ અત્રેના વિભાગને મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને માહિતી તેમજ દસ્તાવેજ ફી માટે પાઠવેલ પત્ર નં.નોર્થઝોન/આ.નં.૬૧૮૭ તા.૭–૧૨–૦૯ ના પત્રની નકલ તથા તેના સંદર્ભે ભરેલ દસ્તાવેજ ફીના રસીદ નં.૧૪૧૨૫૯ તા.૯–૧૨–૦૯થી ભરપાઈ કરેલ પહોંચની નકલ, નોર્થઝોન/આ.નં.૬૨૬૬ તા.૧૦–૧૨–૦૯ થી અરજદારને આપેલી માહિતીના પત્રની નકલ, નોર્થઝોન/આ.નં.૧૪૭/૧૦૦૭ તા.૩–૪–૦૮ ની મનાઈ હુકમની નકલ, નોર્થઝોન/આ.નં.૧૪૮/૧ થી ૭ તા.૩–૪–૦૮ ના ૨૬૦ (૧) (અ) મુજબની નોટીસની નકલ, નં.સીએમએફ/૨૭ તા.૧૬–૯–૯૭ થી કાર્યપાલક ઈજનેરના પાવર ડેલીગેટની નકલ અત્રે પૂરક વિગતોમાં મળેલ છે.

અરજદારની તા.૨૦–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન/આ.નં.૬૧૮૭ તા.૭–૧૨–૦૯ થી પાના નંગ–૩૧ પાના દીઠ રૂા.૨/– લેખે રૂા.૬૨/– માહિતી અને દસ્તાવેજી ફી ના ભરપાઈ કરીને મેળવવા જણાવેલ. જેના અનુસંધાને અરજદારે રસીદ નં.૧૪૧૨૫૯ તા.૯–૧૨–૦૯ થી ફી ભરપાઈ કરેલ છે. જે અંગે માહિતી મેળવ્યાનું પણ અરજદારે અપીલ અરજીમાં જણાવેલ છે. અરજદારે અપીલ સાથે તેની વિગતો પણ રજૂ કરેલ છે. જેના અનુસંધાને અરજદારે નોર્થઝોન/આ.નં .૧૪૭ તા.૧/૧ થી ૭ અને ૧૪૮/૧ થી ૭ મનાઈ હુકમ તથા કલમ–૨૬૦(૧)(અ) મુજબની નોટીસની નકલ ૭ ઈસમોની ૭ નકલ જે બંને પત્રમાં ૧ થી ૭ દર્શાવેલ છે. જે સુધાબેન એસ. સુરતી એ ૭ નકલ મળી છે તેવા પત્ર બાબતે અરજદારે ડીપી ઓર્ડર તથા મનાઈ હુકમ અને નોટીસ મળી ૩ નકલ મળી તેવું જણાવી બાકીની ૪ નકલ મેળવવા જણાવતી અધૂરી વિગતે અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં તે બાબતે જણાવેલ છે કે પત્ર નં.૧૪૭ તથા ૧૪૮/૧ થી ૭ ઈસમો ને આપેલ મનાઈ હુકમ તથા નોટીસ (૧) શીવલાલ ધનજી (૨) નાનુભાઈ લલ્લુભાઈ (૩) વિજયકુમાર લલ્લુભાઈ (૪) વિનોદકુમાર લલ્લુભાઈ (૫) રાજુભાઈ લલ્લુભાઈ (૬) લક્ષ્મીબેન લલ્લુભાઈ (૭) મંજુલાબેન લલ્લુભાઈ રહે. સીંગણપોર, રે.સ. નં.૪ લલ્લુકાકાની વાડી સુરતને બજાવેલ જે તેઓ તરફથી સુધાબેન એસ. સુરતીએ ૭ નકલ મેળવેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરક વિગતોમાં એ બાબત જણાવેલ છે કે સાત માલિકોની નકલ સુધાબેન ધ્વારા સ્વીકારેલ છે. જેની નકલની કોપી અરજદારને જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ છે તથા ડીપી ઓર્ડરની નકલ પૂરી પાડેલ છે. આમ અરજદારે માંગેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૦–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળની મિલ્કતના સબંધિત દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા ડે.કમિશનર(પઅનેઈ)અને જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશનર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડે.કમિશનર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોન...જાણ તથા અમલ માટે
(૨) શ્રી મંજુલાબેન નવીનચંદ્ર રાઠોડ